નવી સેવા વર્ષ-૨૦૨૫-૨૬

૯ નવરચિત મહાનગરપાલિકા ખાતે પ્રોગ્રામ અધિકારીની કચેરીમાં આઈસીડીએસ સેલની વિવિધ જગ્યાઓ ઉભી કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2025/0069/B1

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-01-2025-UDUHD/COC/e-file/18/2024/6138/P

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-04-2025-UDUHD/COC/e-file/18/2024/6445/P

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-07-2025-UDUHD/COC/e-file/18/2024/5932/P

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-10-2025-UDUHD/COC/e-file/18/2024/6141/P

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-13-2025-UDUHD/COC/e-file/18/2024/6139/P

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-16-2025-UDUHD/COC/e-file/18/2024/6140/P

(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-19-2025-UDUHD/COC/e-file/18/2024/5957/P

(૮) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-22-2025-UDUHD/COC/e-file/18/2024/5454/P

(૯) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-25-2025-UDUHD/COC/e-file/18/2024/6142/P

(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૧૯/૦૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક ICDS/MKMV/e-file/257/2025/0011/Admin

**આમુખ:**

વંચાણે લીધા (૧) થી (૯) થી રાજ્યમાં ૦૯ મહાનગરપાલિકા **(નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેંદ્રનગર, નડીયાદ અને પોરબંદર)** જાહેર

કરવામા આવેલ છે. વચાણે લાધા (૧૦) થા આઇસાડાએસમા નવરાચત મહાનગરપાલિકામા પ્રોગ્રામ અધિકારીની કચેરીમાં કુલ-૬૩ જગ્યા ઉભી કરવાની દરખાસ્ત કરેલ છે. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળની ઉક્ત ૯ **મહાનગરપાલિકા** ખાતે આઈસીડીએસ અંતર્ગત કરવામાં આવતી પ્રવૃત્તિઓ/કામગીરીને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજ પત્ર માં કરેલ જોગવાઈ અનુસાર પ્રોગ્રામ અધિકારીની કચેરીમાં કુલ ૬૩ જગ્યા ઉભી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ:</u>**

કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર હેઠળની ૯ **મહાનગર પાલીકા (નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેંદ્રનગર, નડીયાદ અને પોરબંદ ૨)** ખાતે કચેરી અધિકક્ષક વર્ગ-૩ની -૯ (૩૯૯૦૦-૧૨૬૬૦૦ પે-લેવલ-૭) , હિસાબનીશ વર્ગ-૩ની-૦૯ (૩૯૯૦૦-૧૨૬૬૦૦ પે-લેવલ-૭), આંકડા મદદનીશ, વર્ગ-૩ની-૦૯(૨૯૨૦૦-૯૨૩૦૦ પે-લેવલ-૫) પ્રોગ્રામ આસીટન્ટ(મુખ્યસેવિકા) વર્ગ-૩ની- ૨૭ (૨૯૨૦૦-૯૨૩૦૦ પે-લેવલ-૫), જુનિયર કલાર્ક વર્ગ-૩ની- ૦૯ (૧૯૯૦૦-૬૩૨૦૦ પે-લેવલ-૨) પગાર ધોરણની જગ્યાઓની નવી સેવા ઉભી કરવા માટે વર્ષ ૨૦૨૫-૨૬ની કુલ-૪.૦૭ કરોડ બજેટ જોગવાઈ માંથી (૧૦૦% સ્ટેટ બર્ડન) નીચેની શરતોને આધીન ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**<u>શરતો:</u>**

**ભરતી અંગેની સામાન્ય શરતો:**

૧. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૨. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

૩. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૪. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

૫. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૬. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

**પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના:**

૧. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની રહેશે.

૨. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે

પ્રમાણે અને જો સાધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૩. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

**જગ્યાઓની મુદત અને સેવાઓ અગે:**

૧. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્ધત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૨. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

**નાણાકિય ઔચિત્ય:**

૧. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૨. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૩. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

- સદર નવી બાબતનો અમલ આઈસીડીએસ યોજના ચાલુ રહેશે ત્યાં સુધી કરવાનો રહેશે.
- આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| નિયમિત કર્મચારીઓ માટે |
|---|

મુખ્ય સદર:-૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર : ૮૦ જનરલ

ગૌણ સદર : ૦૦૧ દિશા અને વહીવટ

પેટાસદર : ૦૭ જીલ્લા/ મ્યુનિ કોર્પો તથા ઝોનલ ઓફિસના પગાર ભથ્થાં (૧૦૦% રાજ્ય)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણા સલાહકારાશ્રીના પરામર્શમાં વિભાગના સચિવશ્રીની તા.૨૮/૦૩/૨૦૨૫ની નોંધ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. આર. પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

નકલ રવાના:

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી, (આયોજન) ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
7. કમિશ્નર-વ-સચિવ શ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી (આઈસીડીએસ),કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
10. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
11. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, નડીયાદ, નવસારી, પોરબંદર, વાપી, મહેસાણા, ગાંધીધામ, મોરબી, સુરેંદ્રનગર અને આણંદ મ્યુનિસિપલ કોર્પોરેશન
12. સર્વે નાયબ નિયામક વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
13. પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ
14. નાણા સલાહકારશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.04.16 12:47:22 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

15. સર્વે પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિ.......................
16. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Rakeshkumar
Prajapati
Section Officer
Date: 2025.04.16 12:47:22
+05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign